અપીલ અરજી નં.૧૪૦ તા.૨૦–૭–૧૦/૧૧

અરજદાર: શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલા
સામાવાળા: આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી (વ્હીકલટેક્ષ)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી આરડીડી વિભાગ
ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન

## ફરીયાદની હકીકત:–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની તા.૨–૬–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ પીપલોદ ગામની બહાર આવેલ ગૌરવ પથ રોડ જગ્યાની શરૂઆત થાય છે તથા પહેલી સ્ટ્રીટ લાઈટ અને બીજી સ્ટ્રીટલાઈટ વચ્ચે રોડ ડિવાઈડર શા માટે નથી બનાવાયુ અને એ જગ્યા શું પાર્કીગ માટે કોન્ટ્રાકટ થી ભાડે આપેલ છે? વિ.મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૦–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૪૦/૨૦૧૦–૧૧

શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની તા.૨–૬–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ પીપલોદ ગામની બહાર આવેલ ગૌરવ પથ રોડ જગ્યાની શરૂઆત થાય છે તથા પહેલી સ્ટ્રીટ લાઈટ અને બીજી સ્ટ્રીટલાઈટ વચ્ચે રોડ ડિવાઈડર શા માટે નથી બનાવાયુ અને એ જગ્યા શું પાર્કીગ માટે કોન્ટ્રાકટથી ભાડે આપેલ છે? વિ.મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મુદ્દા નં.૧ ની માહિતી અધુરી, મુદ્દા નં.૨ માં માંગ્યા મુજબ જવાબ મળેલ નથી તથા મુદ્દા નં.૫ થી ૧૦ની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પ૨૯ ૨૭–૭–૧૦ થી આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી , સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી આરડીડી વિભાગ, ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ,કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અઠવાઝોનને અરજદારની અરજીના મુદ્દા નં.૬ અંગે સરકારશ્રીના રોડ એન્ડ બિલ્ડીંગ વિભાગને તથા મુદ્દા નં.૧૦ અંગે સુરત મહાનગરપાલિકાના વ્હીકલટેક્ષને તબદીલ કરેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૧ ની માહિતિ અધુરી તથા નં.૨ની માંગ્યા મુજબ નથી તેના દાવાના સમર્થનમાં જે કોઈ આધાર કે બચાવ હોય તે પણ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસધાંને જાહેર માહિતી અધિકારી રોડ વિભાગ તરફથી પત્ર નં.આરડીડી/આ.નં.૪૯૦ તા.૨–૮–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને મુદ્દા નં.૧ અંગે આપેલ માહિતી અંગે પત્ર નં.આરડીડી/આ.નં.૪૨૪ તા.૭–૭–૧૦ ના પત્રની નકલ, મ. જાહેર માહિતી અધિકારીએ અઠવાઝોન તરફથી ૧૮ દિનના વિલંબથી મુદ્દા નં.૧ અંગે મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર આરડીડી વિભાગ, મુદ્દા નં.૨ અંગે ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગ, મુદ્દા નં.૩ થી ૫ અંગે ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ, મુદ્દા નં.૭ થી ૯ અંગે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન અને મુદ્દા નં.૧૦ અંગે આરટીઓ અધિકારી મજુરાગેટને પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૦૧ તા.૨૪–૬–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૭૫ તા.૬–૮–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અઠવાઝોનના ૩૦૧ તા.૨૪–૬–૧૦ નો તબદીલ પત્ર, અરજદારને મુદ્દા નં.૨ અંગે આપેલી માહિતી બાબતે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૪૩ તા.૭–૭–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રેના વિભાગને મળેલ છે. પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/આ.નં.પ૦૭ તા.૯–૮–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, પત્ર નં.૩૦૧ તા.૨૪–૬–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના સા.વે.ઝોન/અઠવા/આં.ન ૩૩૮ તા.૧–૭–૧૦ ના પત્રની નકલ તથા એકનોલેજમેન્ટ સ્લીપ અને નોંધ વિભાગ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી જાહેર માહિતી અધિકારી વ્હીકલટેક્ષ તરફથી વાહન વિભાગ/આ.નં.૫૧ તા.૩૧–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત અને અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વ્હીકલટેક્ષ/આ.નં.૫૦ તા.૩૧–૭–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૫–૮–૧૦ ના પત્રથી રજૂઆત કરતા પત્રની નકલ મળેલ છે.

મુદ્દા નં.૬ અંગે સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૩૮ તા.૧–૭–૧૦ થી વિગત આપવામાં આવેલ છે. મુદ્દા નં.૧૦ અંગે જાહેર માહિતી અધિકારી અને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬ આરટીઓ સુરત ઓ.ન. નં.૪૪૬ તા.૨૯–૬–૧૦ થી અઠવાઝોનને ખોટી તબદીલ થવાના કારણે પરત તબદીલ કરવામાં આવેલ છે. પરંતુ ત્યાર બાદ અઠવાઝોન તરફથી સદર મુદ્દા અંગે અરજી તબદીલ કરવામાં આવેલ નથી તેમજ માહિતી પૂરી પાડવાની કે અપવાદ હેઠળ ઈન્કાર કરવાની કોઈ વિગતો અરજદારને જણાવેલ નથી. તેમજ મુદ્દા નં.૫ અંગે પણ ખોટી

તબદીલ કરવામાં આવેલ છે. અને મુદ્દા નં.૬ અન્ય સત્તા મંડળને લગતી વિગત હોવા છતાં તબદીલ કરવામાં આવેલ નથી. મુદ્દા નં.૫ અંગે શહેર વિકાસ ખાતામાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૧ ૩૬૭ તા.૫–૭–૧૦ થી મુદ્દા નં.૫ અંગે મ. જાહેર માહિતી અધિકારી અને જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળી સુરતને તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૩ અને ૪ બાબતે પત્ર નં.ટીડીઓ/૧૩૬૬ તા.૫–૭–૧૦ થી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.ર અંગે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/૧૪૩ તા.૭–૭–૧૦ થી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી રોડ વિભાગ તરફથી પત્ર નં.આરડીડી/આ.નં.૪ર૪ તા.૭–૭–૧૦ થી મુદ્દા નં.૧ અંગે માહિતી અરજદારને આપવામાં આવેલ છે. પત્ર નં.સા.વે.ઝોન/૩૩૮ તા.૧–૭–૧૦ થી મુદ્દા નં.૬ અંગે અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે માહિતી અધૂરી અને જવાબ મળેલ નથી તેવું જણાવી તા.ર૦–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ નો જવાબ અધૂરો તથા મુદ્દા નં.ર નો જવાબ માંગ્યા મુજબનો નથી તથા મુદ્દા નં.૫ થી ૧૦ ના જવાબ મળેલ નથી તેવી રજૂઆત કરેલ છે. અરજદારની મુળ અરજીથી મુદ્દા નં.૧ પીપલોદ ગામની બહાર આવેલ ગૌરવ પથ રોડ જગ્યાની શરૂઆત થાય છે તથા પહેલી સ્ટ્રીટ લાઈટ અને બીજી સ્ટ્રીટલાઈટ વચ્ચે રોડ ડિવાઈડર શા માટે નથી બનાવાયુ અને એ જગ્યા શું પાર્કીંગ માટે કોન્ટ્રાકટથી ભાડે આપેલ છે? તેવા પ્રશ્ન બાબતે મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર રોડ વિભાગ તરફથી પીપલોદ ગામ પાસે જયાં રોડ શરૂ થાય છે ત્યાં અગાઉ ટ્રાફીક ડીપાર્ટમેન્ટ ધ્વારા રોડ ડીવાઈડર બનાવી સુશોભન ફાઉન્ટેન મુકવામાં આવેલા હતાં જેથી ત્યાં રોડ ડીવાઈડર બનાવવામાં આવેલ નથી. જે બાબતે અરજદારે અપીલમાં માહિતી અધૂરી હોવાનું જણાવી તે જગ્યાએ કોન્ટ્રાકટ ભાડે આપવામાં આવેલ છે કે નહીં તે સ પષ્ટ થતું નથી તેવી રજૂઆત કરેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી રોડ વિભાગ તરફથી પૂરક વિગતોમાં અરજદારના અપીલની રજૂઆતના મુદ્દા અંગે " ગૌરવપંથ રોડ જયાંથી શરૂઆત થાય ત્યાં પહેલી અને બીજી સ્ટ્રીટ લાઈટ વચ્ચેના રોડ ડીવાઈડરની માહિતી માંગેલ. જેમાં અરજદારે સી.સી. રોડનું સેન્ટ્રલ ડીવાઈડર કે સી. સી. રોડ અને સર્વીસ રોડ વચ્ચે બનાવેલ એલીવેટેડ ફુટપાઠક્રમ ડીવાઈડરની વિગતની અરજદારે માહિતી માંગતી અરજીમાં સ્પષ્ટતા કરેલ ન હોઈ ખાતા ધ્વારા સેન્ટ્રલ ડીવાઈડર અંગે સ્થળ પર થયેલ કામગીરી માહિતી અરજદારને તા.૭–૭–૧૦ ના રોજ પૂરી પાડવામાં આવેલ. ઉકત હકીકત ધ્યાને લેતાં આરડીડીનું મુદ્દા નં.૧ ની આપેલ આંશિક માહિતી ગ્રાહય રાખવા પાત્ર થાય છે સાથે એમ પણ જણાવેલ છે કે જો સી.સી. રોડ અને સર્વીસરોડ વચ્ચેની માહિતી હોય તો ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શે અને પેવર બ્લોક અંગેની માહિતી અઠવાઝોનને સ્પર્શે તથા જગ્યા ભાડે આપવાની બાબત પણ ટાઉન પ્લાનીંગ ખાતાને સ્પર્શે છે તેવું જણાવેલ છે.પરંતુ મુળ અરજી તબદીલ કરતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કે આરડીડીના જાહેર માહિતી અધિકારી ધ્વારા જગ્યા ભાડે આપવા બાબતે લાગત જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં.૧ આંશિક માટે તબદીલ કરવામાં આવેલ નથી. મુદ્દા નં.ર માટે ટાઉન પ્લાનીંગ વિભાગને અરજી તબદીલ થયેલ અને તેઓ કક્ષાએ તેનો પ્રત્યુત્તર આપેલ છે પરંતુ મુદ્દા નં.૧ આંશિક અંગે જગ્યા ભાડે બાબતે કોઈ માહિતી આપેલ નથી. મુદ્દા નં.ર ગૌરવપથ રોડ સુરત પીપલોદથી રાધાકૃષ્ણ મંદિર સુધીના રોડ પર પાર્કીંગ માટે કોન્ટ્રાકટથી અપાયેલ જગ્યા પર કેવી રીતે નકકી કરવું કે પાર્કીંગ ફાળવેલ કોન્ટ્રાકટરની જગ્યા છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૧ ૪૩ તા.૭–૭–૧૦ થી સુરત ડુમસરોડ ગૌરવપથથી પીપલોદ ગામ રાધાકૃષ્ણ મંદિર સુધીના રોડ પર ગાર્ડનની હદ સુધી પે એન્ડ પાર્કનો ઈજારો આપી ફાળવવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલ અરજીમાં માંગ્યા મુજબનો જવાબ નથી તેવું જણાવી પૂરક વિગતોમાં કઈ કઈ જગ્યાએ પાર્ક કરી શકાય અને કઈ જગ્યા કોન્ટ્રાક ધ્વારા ભાડેથી આપી છે તે નકકી કેવી રીતે જગ્યા જોતાં કરી શકાય એ જણાવવામાં આવ્યું નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૧૭૫ તા.૬–૮–૧૦ થી આપેલ પૂરક વિગતોમાં સુરત ડુમસ રોડ ગૌરવપથ પે એન્ડ પાર્ક માટે માસિક સાધારણ સભા તા.ર૭–ર–૦૬ ના ઠરાવ નં.૩ર થી મંજુર થયેલા નકશા મુજબ ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી ખાનગી ઈજારાદારને પે એન્ડ પાર્કના ઈજારાની ફાળવણી કરવામાં આવેલ છે. તેવું પૂરક વિગતોમાં જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી ધ્વારા સ્થળ અને હદલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. નિર્દિષ્ટ સ્થળે અને હદમાં પે એન્ડ પાર્કનો ઈજારો આપેલ જગ્યા ઉપરાંતની જાહેર રોડ સિવાયની જગ્યા છે કે કેમ? તે બાબતે અરજદારે અપીલ તબકકે કોઈ પ્રકાશ પાડેલ નથી. જો તેવી સ્થિતિ હોય તો અરજદારે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ તકરારને સ્થાન રહે. આ સંજોગોમાં અરજદારની મુદ્દા નં.ર અંગેની તકરારમાં વજુદ હોવાનું અરજદાર પ્રસ્થાપિત કરી શકતા નથી. તેમ છતાં વ્યાપક અર્થમાં અરજદારની રજૂઆત સ્થળ સ્થિતિ અને હદ દર્શાવતા નકશા કે બોર્ડ પ્રસિધ્ધિને લગતી કાર્યવાહીના નિકાલને સ્પર્શતી જણાય છે. જે અંગે કરારની શરતો અનુસાર પાલન કરાવવા સક્ષમ સત્તાને અરજદારે અલાયદી રજૂઆત કરવાની રહે છે. મુદ્દા નં.૩ કોઈ પણ મોલ, હોટલ કે પાર્ટી પ્લોટ ધ્વારા જયાં એવી કોઈ પણ જગ્યા ઝયાં વધુ વ્યકિત એક સાથે ભેગી થતી હોય એવી દરેક જગ્યાએ શું શું તકેદારી રાખવાની છે. (માલિક ધ્વારા કયા કયા નિયમનું પાલન કરવાનું રહે છે.) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૩૬૬ તા.૫–૭–૧૦ થી " કોઈ પણ મોલ , હોટલ કે પાર્ટી પ્લોટમાં એક થી વધુ વ્યકિત ભેગી થતી હોય તેવી જગ્યાએ માલિક ધ્વારા તકેદારી રાખવા અંગે પ્ર વર્તમાન વિકાસ નિયંત્રણ નિયમ મુજબ આપવામાં આવતી વિકાસ પરવાનગી અંગેના જીડીસીઆર ની બુકની નકલ સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) કચેરીમાં નિયત ફી જમા કરાવ્યેથી મળી શકશે. અઠવા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈ ટ પર જીડીસીઆર લીંક http://suratmunicipal.gov.in/content/down loads/surat-GDCR.pdf પરથી માહિતી મેળવી શકાશે. મુદ્દા નં.૪ સીટી લાઈટ સાયન્સ સેન્ટરની સામે શુકન રો હાઉસની બાજુમાં બનાવવામાં આવી રહેલ બિલ્ડીંગ કોમર્શીયલ છે કે રેસીડન્ટ અને તેના કેટલા માળ બાંધવાની પરમીશન આપવામાં આવી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર



માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી ટીપી સ્કીમ નં.૪ (ઉમરા–સાઉથ) ફા.પ્લોટ નં.૪૦ પૈકી વાળી મિલ્કતમાં અત્રેના ટીડીઓ/૩૩૪ તા.૧૬–૩–૦૯ થી બાંધકામ પ્લાનની વિકાસ પરવાનગી આપેલ છે જેથી સદર પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલો પેટે નકલ ફી ના રૂા.૭ર/– ભર્યેથી મેળવી શકાશે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે પૈસા ભરીને માહિતી મેળવેલ છે કે કેમ? તે બાબતે કોઈ વિગતો બંને પક્ષકારો તરફથી પૂરી પાડવામાં આવેલ નથી અરજદારને તે બાબતે કોઈ તકરાર નથી.

મુદ્દા નં.૫ નવસર્જન ઈન્ડ. કો.ઓ.સો.લિ. બનાવવા માટે કયા કયા પેપર્સ આપવામાં આવેલા જેનો સોસા. રજીસ્ટ્રેશન નંબર ૩–૨૮૫૪ છે. રજીસ્ટ્રેશન કરવા આપવામાં આવેલ દરેક કાગળની ઝેરોક્ષ આપવા વિંનતી. જે બાબતે મ. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૩૬૭ તા.૫–૭–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી સુરતને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. તેમજ જિલ્લા રજીસ્ટ્રાર તરફથી જાહેર માહિતી અધિકારી ૪૪૯૭ ક્રમાંકનધણ/આરટીઆઈ/૪૯૦/૧૦ થી જાહેર માહિતી અધિકારી મેનેજરશ્રી (કે.વી.સી.આઈ) અને જિલ્લા રજીસ્ટ્રાર (ઉદ્યોગ) સહકારી મંડળીઓ સુરત જિલ્લા ઉદ્યોગ સુરતની કચેરી, બહુમાળી મકાન એ બ્લોક ત્રીજા માળ નાનપરા સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ છે. જે અન્ય સત્તા મંડળને તબદીલ હોઈ અત્રે અપીલમાં સમાવિષ્ટ કરવાનો રહેતો નથી. મુદ્દા નં.૬ અમદાવાદ મુંબઈ વચ્ચે ટોલ ટેક્ષ ટોટલ કેટલા છે તે નિયત ફી કેટલી છે અને તેનો વધારો કેટલા વર્ષે અને કેટલા ટકા સુધી વધારી શકશે ટોટલ ટેક્ષની વસુલાતની સામે આઈઆરબી કંપનીને કયા કયા નિયમોનું પાલન કરવાનું રહે. તેવા પ્રશ્ન બાબતે મ.જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર અઠવાઝોન તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. પરંતુ તેમના તરફથી લાગત સત્તા મંડળને અરજી તબદીલ કરવામાં આવેલ નથી. જેથી અરજી જાહેર માહિતી અધિકારીએ તબદીલ કરવાની રહે. મુદ્દા નં.૭ ઉધના ઝાંસી રાણી ગાર્ડન સામે સુ.મ.ન.પા. ધ્વારા ૧૯૭ નંબર સ્કુલ ચલાવવામાં આવી રહે છે તેના કંપાઉન્ડમાં આવેલ દુકાન કોના ધ્વારા બનાવવામાં આવેલ છે. શું પ્લાન પાસ કરવો બનાવવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. મુદ્દા નં.૮ ઉધનાઝોન ઓફિસની સામે આવેલી બધી દુકાન જેવી કે પેઈન્ટર,ફુટવાલા, હેર આર્ટ જેવી દુકાન પરમીશન લઈ બનાવવામાં આવેલી છે. કિરણ પેઈન્ટર ની દુકાનવાળી બિલ્ડીંગમાં ત્રણ ચાર માળ બનાવી ઓફિસ માટે ભાડે આપવામાં આવેલ છે. શું એમણે બિલ્ડીંગ ત્રણ ચાર માળ બાંધવાની પરમીશન લીધેલ છે શું એ બંગલો કોમર્શીયલ પાસ થયેલ છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી (૯) ઉધના ત્રિશુલ એપાર્ટમેન્ટની સામે આવેલ બંગલામાં ગ્રાઉન્ડ કે પહેલા માળ ે દુકાન બનાવવામાં આવેલ છે શું એ પરમીશન લઈ બનાવવામાં આવેલ છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. મુદ્દા નં. ૧૦ આજીવન રોડ ટેક્ષ સુરત સુમનપા ધ્વારા જે લેવામાં આવે છે ટોટલ કેટલી ઓટો રીક્ષા પર આજીવન રોડ ટેક્ષ આજ દિન સુધી વસુલ કરેલ છે. ( ઓટો રીક્ષાની સંખ્યા આપવી.) એમાંથી કોઈ પણ ૧૦ રીક્ષાના ટેક્ષની રસીદ આપવી. જે અઠવા ઝોન તરફથી સા.વે.ઝો/અઠવાઝોન/આરટીઆઈ/આ.નં.૩૦૧ તા.૨૪–૬–૧૦ થી આરટીઓ વિભાગ મજુરાગેટ સુરતને તબદીલ કરવામાં આવેલ. પરંતુ ખરેખર આસી. કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી વ્હીલ ટેક્ષને તબદીલ કરવામાં આવેલ નહીં પરંતુ અપીલ તબકકે આરટીઆઈ સેલ/પ૨૯ તા.૨૭–૭–૧૦ થી મુદ્દા નં.૬ અને ૧૦ અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને પત્ર પાઠવી પૂરક વિગતો માંગતા તેઓ તરફથી પૂરક વિગતોમાં પણ મુદ્દા નં.૬ અંગે તબદીલ કરેલ નથી. તેમજ મુદ્દા નં.૧૦ અંગે આરટીઆઈ વિભાગ મજુરાગેટને તબદીલ કરવામાં આવેલ છે એવું જણાવેલ. અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી વ્હીકલ ટેક્ષને પત્ર નં.આરટીઆઈ સેલ/પ૨૯ તા.૨૭–૭–૧૦ થી અરજીની પૂરક વિગતો માંગતા તેઓ તરફથી પત્ર નં.વ્હીકલટેક્ષ આંન.૫૦ તા.૩૧–૭–૧૦ થી આજ દિન સુધી કુલ ૨૮૩૧૧ રીક્ષાઓની આજીવન વાહનકરની વસુલાત કરવામાં આવેલ છે. જે પૈકી ૧૦ રીક્ષાના આજીવન વાહનકર વસુલાત કર્યા બદલ અરજદારને આપવામાં આવેલ રસીદની ઝેરોક્ષ કોપી પણ પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારને મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી પૈકી મુદ્દા નં.૭,૮ અને ૯ ની માહિતી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથીપૂરી પડાયેલ જણાતી નથી. તેમજ મુદ્દા નં.૫,૬ અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી લાગત અન્ય સત્તા મંડળને અરજી તબદીલ થયેલ જણાતી નથી. તથા મુદ્દા નં.૧૦ અંગે લાગત જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને તબદીલ થયેલ નથી. તેમજ અન્ય જાહેર માહિતી અધિકારીઓને પણ કલમ–૬(૩) ની જોગવાઈથી વિપરીત લગભગ દિન–૧૮ ના વિલંબથી તબદીલ થયેલ છે. તથા જાહેર માહિતી અધિકારી રોડ વિભાગ તરફથી મુદ્દા નં.૧ અંગે અંશતઃ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતી હોવાનું પૂરક વિગતોમાં જણાવેલ છે પરંતુ તે અંગે લાગત જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં.૧ જગ્યા પાર્કીગ ભાડાના મુદ્દા પૂરતી અરજદારની જાણ હેઠળ તબદીલ કરવાની રહે તેમ છતાં તબદીલ થયેલ નથી .

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૬–૧૦ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી મુદ્દા નં.૭,૮ અને ૯ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ ઉપલબ્ધ દફતરી વિગતે દિન–૭ માં પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૧ અંશતઃ અંગે ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને



તબદીલ કરવા જાહેર માહિતી અધિકારી રોડ વિભાગને જણાવવામાં આવે છે.કાયદાકીય હાર્દ અને જોગવાઈ ધ્યાને લઈ તથા તબદીલ થયેલ અરજીને અનુલક્ષી મુદ્દા નં.૧ આંશિક, પાર્કીગ માટે જગ્યા ભાડે આપવા અંગેની માહિતી તબદીલીની રાહ જોયા વિના અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં ઉપલબ્ધ દફતરી વિગતે પૂરી પાડવા ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે તથા મુદ્દા નં.૬ અંગે લાગત અન્ય સત્તા મંડળને તબદીલ કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે તથા અરજી સબંધિત જાહેર માહિતી

અધિકારીને સમયસર તબદીલ થાય તે અંગે કાળજી લેવા સૂચિત કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/ **ડે.કમિશ્નર(સ્પે.),**
તારીખ : –૮ –૧૦. **અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) આસી. કમિશ્નર(ફા.) અને જાહેર માહિતી અધિકારી (વ્હીકલટેક્ષ), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી આરડીડી વિભાગ,ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ,એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન..... જાણ તથા અમલ માટે

(૨) શ્રીપીંકલ પ્રફુલચંદ્ર ધીવાલા,